જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૨૩ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૬/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૪૯	૦	૧૪૯	૪૨૮	૦	૪૨૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૭૦૨	૦	૧૦૦૭૦૨	૧૦૯૬૦૬	૦	૧૦૯૬૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫	3,૮3,૯૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૧ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૯/૨૦૨૩**

ગુજરાત યુનિવર્સીટીઃ કમલદીપ પરવતસિંગ રાઠોડ (ઉ.વ.૨૨)(રહે.મેરાજભાઈની ચાલી, રબારીવાસ, મેમનગર) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે કમલદીપ નાઓ “આર.કાંતી” આંગડીયા તથા “જે.બી.આંગડીયા” ઇસ્કોન આર્કેડ, સી.જી. રોડ નવરંગપુરા ખાતેથી કુલ રોકડ રૂપિયા ૨,૪૯,૫૫૦/- કપડાની થેલીમાં મુકી તે થેલી એક્ટીવાની ડેકીમાં મુકી ઓફીસે જવા નિકળેલ દરમ્યાન હ્યુંડાઈ શો-રૂમ સામે, સહજાનંદ કોલેજ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ આગળ, IIM ખાતે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ કમલદીપની એક્ટીવા ઉભી રખાવી તેમની સાથે બોલાચાલી કરતા હતા દરમ્યાન બીજા મોટર સાયકલ ઉપર આવેલ બીજા બે અજાણ્યા પુરૂષોએ કમલદીપની નજર ચુકવી તેમની એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા મુકેલ થેલીની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

કાગડાપીઠઃ મિતેશભાઈ ગીરીશભાઈ પુજારા(ઉ.વ.૨૫)(રહે.નિધીવન એપાર્ટમેન્ટ, કુબેરનગર, મોરબી) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૧/૨૦૨૩ બપોરના ૧૨/૨૫ થી ૧૨/૪૦ વાગ્યા દરમ્યાન કાંકરિયા નિલકંઠનગર સોસાયટી સામે રોડની સાઈડમાં પાર્ક કરેલ પોતાની ઈકો ગાડીનો ડ્રાયવર સાઈડનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારની સીટમાં મુકેલ બેગ કે જેમાં રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મુકેલ હતા તે બેગની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૦/૨૦૨૩**

નિકોલઃ નરેશકુમાર અમરાભાઇ વઢેર (ઉ.વ.૩૧)(રહે.ગામ-સોનાર તા.સમી જી.પાટણ) એ તા.૦૬/૦૧/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૭/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નિકોલ ભગવતીપાર્ક સોસાયટીના ગેટની બહાર વેરા પાસે રોડની સાઇડમાં પાર્ક કરેલ પોતાની મહીન્દ્રા સ્કોરપીયો કાર નંબર જીજે.૨૪.એ.એમ.૨૮૯૮ કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ નરેશકુમાર વઢેર એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

અમરાઇવાડીઃ તુલસીભાઇ ગણપતભાઇ વણઝારા (ઉ.વ.૫૩)(રહે.શીવાનંદનગર સત્યમનગર પાસે અમરાઇવાડી) એ તા.૦૫/૦૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા થી તા.૦૬/૦૧/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન અમરાઇવાડી શીવાનંદનગર જૈન મંદીર સામે રોડ ઉપર પાર્ક કરેલ પોતાની આઇસર લોડીંગ ગાડી નંબર જીજે.૨૭.વી.૪૭૭૧ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ તુલસીભાઇ વણઝારાએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી